જે કામ માટે એકજ ટેન્ડર આવેલ
હોય તે ટેન્ડર પુનઃ માંગવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભઃ– પીડીડબલ્યુ/૧૦૨૦૦૭/(ભાગ–૧)/સ

**પ્રસ્તાવનાઃ–**

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવું ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

**ઠરાવઃ–**

પુખ્ત વિચારણાને અંતે ઉકત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. જે કામ/પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહિ તથા ટેન્ડર પુનઃ માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પૂરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single ટેન્ડર સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

૨. બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને [Single Tender] આવે, તો તે ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંકઃટીઈએન/૨૦૧૬/એફએ(મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

(પાછળ)

પ્રતિ,

૧. માન.ના.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી (મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. મા.ન.મંત્રીશ્રી (ન.જ. અને પા.પુ. અને કલ્પસર વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ–૧, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ–૯.
૯. એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ–૨, રેસકોર્સ, રાજકોટ.
૧૦. એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) રેસકોર્સ, રાજકોટ.
૧૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઈ), પાંચમો માળ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ–૯.
૧૨. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
૧૩. સર્વે અ.ઈ.શ્રીઓ/મા.મ.વ/પંચાયત મા.મ.વર્તુળ/રા.ધો.મા.મ.વર્તુળ/રા.મા.યોજના વર્તુળ/પા.યોજના વર્તુળ, / એ.વે.વર્તુળ/વિદ્યુત વર્તુળ સહિત.
૧૪. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
૧૫. નિયામકશ્રી, ગેરી, વડોદરા.
૧૬. મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
૧૭. મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સે.૧૦, ગાંધીનગર.
૧૮. નિયામકશ્રી, ઉપવન બગીચા, ગાંધીનગર.
૧૯. નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૦. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિ, સચિવાલય, ગાંધીનગર.
૨૧. સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
૨૨. સીલેકટ ફાઈલ–૨૦૧૭.